# ભારતે 11મા દિવસે 2 ગોલ્ડ, 2 સિલ્વર સહિત 8 મેડલ જીત્યા અને 2 પાક્કા કર્યા; 53 મેડલ સાથે 10માં સ્થાને

## મહિલા રિલે ટીમે ભારતને એથ્લેટિક્સમાં અપાવ્યો પ્રથમ ગોલ્ડ

**કિરણ** પાહલ, એમઆર પૂવમ્મા, પ્રાચી ચૌધરી અને વિથ્યા રામરાજની સુવર્ણ સફળતા
એથ્લેટિક્સ સ્પર્ધામાં ભારતે કુલ 24 મેડલ મેળવ્યા



નાગોયા, તા. 29 (પીટીઆઈ): આઈચી-નાગોયા એશિયન ગેમ્સ 2026માં એથ્લેટિક્સ સ્પર્ધાના અંતિમ દિવસે ભારતીય મહિલા 4x400 મીટર રિલે ટીમે શાનદાર પ્રદર્શન કરીને દેશને એથ્લેટિક્સનો પ્રથમ ગોલ્ડ મેડલ અપાવ્યો હતો. કિરણ પાહલ, એમઆર પૂવમ્મા, પ્રાચી ચૌધરી અને વિથ્યા રામરાજની ભારતીય ચોકડીએ 3 મિનિટ 29.69 સેકન્ડનો સમય કાઢીને પ્રથમ સ્થાન મેળવ્યું હતું. આ સ્પર્ધામાં બહેરીન બીજા અને ચીન ત્રીજા સ્થાને રહ્યું હતું.

મેચના અંતિમ લેગમાં વિથ્યા રામરાજે ચીની અને બહેરીનની દોડવીરોને પાછળ છોડીને સનસનાટીભર્યા ફિનિશ સાથે ગોલ્ડ મેડલ સુનિશ્ચિત કર્યો હતો.

36 વર્ષીય અનુભવી એમ આર પૂવમ્મા આ પહેલાં 2014 અને 2018ની ગોલ્ડ વિજેતા ટીમનો પણ ભાગ રહી ચૂકી છે.

આ વિજય સાથે ભારતે એથ્લેટિક્સમાં 1 ગોલ્ડ, 9 સિલ્વર અને 14 બ્રોન્ઝ સાથે કુલ 24 મેડલ સાથે પોતાનું અભિયાન પૂરું કર્યું હતું.

### એશિયન ગેમ્સ મેડલ ટેલિ

| ક્રમ | દેશ | ગોલ્ડ | સિલ્વર | બ્રોન્ઝ | કુલ |
|---|---|---|---|---|---|
| 1. | ચીન | 143 | 62 | 49 | 254 |
| 2. | જાપાન | 45 | 71 | 67 | 183 |
| 3. | દક્ષિણ કોરિયા | 24 | 27 | 44 | 95 |
| 4. | ઉઝબેકિસ્તાન | 14 | 17 | 13 | 44 |
| 5. | થાઈલેન્ડ | 12 | 9 | 12 | 33 |
| 6. | બહેરીન | 11 | 5 | 4 | 20 |
| 7. | ઈરાન | 10 | 16 | 11 | 37 |
| 8. | કઝાકિસ્તાન | 9 | 14 | 25 | 48 |
| 9. | ઉત્તર કોરિયા | 7 | 5 | 6 | 18 |
| 10. | ભારત | 6 | 21 | 26 | 53 |

### મહિલા હાઈ જમ્પ, મિક્સ્ડ રિલે, પુરુષ રિલેમાં બ્રોન્ઝ આવ્યા

ભારતીય એથ્લેટ્સ માટે અંતિમ દિવસ મેડલથી ભરેલો રહ્યો હતો, જેમાં અન્ય મહત્વપૂર્ણ સિદ્ધિઓ નીચે મુજબ છે:

**હાઈ જમ્પ (મહિલા):** પૂજા સિંહે 1.84 મીટરના કુદકા સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

**4x100m મિક્સ્ડ રિલે:** ગુરીન્દરવીર સિંહ, અનિમેષ કુજુર, એસ એસ સ્નેહા અને હરિતા ભાદરાની ભારતીય ટીમે 410.06 સેકન્ડના સમય સાથે બ્રોન્ઝ મેડલ પોતાના નામે કર્યો હતો.

**પુરુષ 4x400m રિલે:** ધરમવીર ચૌધરી, ટી એસ મનુ, જય કુમાર અને વિશાલ ટીકેની ટીમે 3:01.61નો સમય નોંધીને બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો.

**નેશનલ રેકોર્ડ:** પુરુષ પોલ વોલ્ટમાં દેવ કુમાર મીનાએ 5.50 મીટરના કુદકા સાથે નવો નેશનલ રેકોર્ડ બનાવ્યો હતો જોકે તે સ્પર્ધામાં સાતમા સ્થાને રહ્યો હતો.

## ટ્રેપ શૂટિંગમાં નીરુ ઢાંડાએ ઐતિહાસિક ગોલ્ડ જીત્યો, ટ્રેપ ટીમ ઈવેન્ટમાં સિલ્વર

**મહિલા** ટ્રેપ ટીમ ઈવેન્ટમાં સિલ્વર મેળવ્યો

**નીરુ** મહિલા ટ્રેપ સ્પર્ધામાં વ્યક્તિગત ગોલ્ડ જીતનાર પ્રથમ ભારતીય શૂટર બની

**48 વર્ષ** બાદ એશિયાડમાં ભારતને ટ્રેપ સ્પર્ધામાં પ્રથમ ગોલ્ડ



નાગોયા, તા. 29 (પીટીઆઈ): હરિયાણાના જીંદની 26 વર્ષીય નાયબ સુબેદાર નીરુ ઢાંડાએ મંગળવારે આઈચી-નાગોયા એશિયન ગેમ્સ 2026માં મહિલા ટ્રેપ શૂટિંગમાં ઐતિહાસિક ગોલ્ડ મેડલ જીત્યો હતો. ભારે વરસાદ અને નબળી વિઝિબિલિટી વચ્ચે નીરુએ ફાઇનલમાં 30માંથી 28 ટાર્ગેટ હિટ કરીને નવો કોન્ટિનેન્ટલ રેકોર્ડ બનાવ્યો હતો. તે એશિયાડના ઇતિહાસમાં મહિલા ટ્રેપ શૂટિંગમાં વ્યક્તિગત ગોલ્ડ મેડલ જીતનારી પ્રથમ ભારતીય શૂટર બની છે. આ ઉપરાંત 1978માં રણધીર સિંહ બાદ એશિયન ગેમ્સમાં ભારત માટે ટ્રેપ સ્પર્ધાનો આ પ્રથમ વ્યક્તિગત ગોલ્ડ છે. આ અગાઉ દિવસ દરમિયાન નીરુ ઢાંડા, આશિમા અહલાવત (106) અને મનીષા કીર (104)ની ભારતીય ત્રિપુટીએ કુલ 328નો સ્કોર કરીને મહિલા ટ્રેપ ટીમ ઈવેન્ટમાં સિલ્વર મેડલ મેળવ્યો હતો. ચીને 346ના સ્કોર સાથે ગોલ્ડ જીત્યો હતો.

આ જીત એટલા માટે ખાસ છે કારણ કે સ્પર્ધાના 10 દિવસ પહેલા નીરુ ગંભીર ફ્લૂને કારણે ભોપાલની હોસ્પિટલમાં દાખલ હતી. બીમારીમાંથી સાજી થઈને તેણે આ સિદ્ધિ મેળવી હતી. નીરુ બુધવારે કાયનન ચેનાઈ સાથે મિક્સ્ડ ટ્રેપ ઈવેન્ટમાં ઉતરશે. પુરુષ ટ્રેપ સ્પર્ધામાં ભારતને કોઈ મેડલ મળ્યો ન હતો.

## ન્યુઝીલેન્ડ પ્રવાસ માટે ટીમની પસંદગી: ગંભીર અને પસંદગીકારો ગવાહાટીમાં

ગુવાહાટી, તા. 29 (પીટીઆઈ): ન્યુઝીલેન્ડના આગામી પૂર્ણ પ્રવાસ માટે વિવિધ ભારતીય ટીમોની પસંદગી કરવાની હોવાથી, રાષ્ટ્રીય પસંદગી સમિતિના ચાર સભ્યોએ મંગળવારે ગુવાહાટીમાં મુખ્ય કોચ ગૌતમ ગંભીર સાથે લાંબી ચર્ચા કરી હતી. દ્વિપક્ષીય શ્રેણી દરમિયાન ચારેય પસંદગીકારોની એકસાથે ઉપસ્થિતિ નોંધપાત્ર માનવામાં આવી રહી છે.

ઈન્ટરિમ સિલેક્શન હેડ પ્રજ્ઞાન ઓઝા ઉપરાંત અન્ય પસંદગીકારોએ ગંભીર સાથે બેઠક કરી હતી, જેમાં ન્યુઝીલેન્ડ પ્રવાસ માટેની ટીમોની પસંદગી આખરી કરવા અંગે ચર્ચા થઈ હતી. ભારત 22 ઓક્ટોબરથી 27 નવેમ્બર દરમિયાન ન્યુઝીલેન્ડના પ્રવાસે જશે, જ્યાં 5 T20I, 5 ODI, 2 ટેસ્ટ અને ઈન્ડિયા Aની 3 ચાર-દિવસીય ટેસ્ટ મેચો રમાવાની છે.

## આજે વેસ્ટઈન્ડિઝ સિરીઝમાં અજેય સરસાઈ મેળવવા ઉતરશે ભારત

**કોહલીના** શ્રેષ્ઠ ફોર્મ વચ્ચે પેસ બોલિંગ અસંતુલન ભારત માટે ચિંતાનો વિષય

**જસ્ટિન** ગ્રીવ્સ ઈજાના કારણે બહાર



ગુવાહાટી, તા. 29 (પીટીઆઈ): ભારતીય ટીમ બુધવારે ગુવાહાટી ખાતે રમાનારી બીજી વન-ડે મેચમાં વેસ્ટઈન્ડિઝ સામે જીત મેળવીને ત્રણ મેચની શ્રેણી પોતાના નામે કરવાના ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે. ખાસ કરીને 15,000 વન-ડે રન પૂરા કરનાર વિરાટ કોહલીનું ફોર્મ ચાહકો માટે મુખ્ય આકર્ષણ રહેશે.

જોકે, આગામી વન-ડે વર્લ્ડકપની તૈયારીઓના ભાગરૂપે ભારતીય ટીમનું ફાસ્ટ બોલિંગ કોમ્બિનેશન હજુ અસંતુલિત દેખાઈ રહ્યું છે. જસપ્રીત બુમરાહ અને હાર્દિક પંડ્યાની ગેરહાજરીમાં મોહમ્મદ સિરાજને બહાર રાખીને ઓલરાઉન્ડર નીતિશ કુમાર રેડ્ડી પાસે નવા બોલથી ઓપનિંગ કરાવવાનો પ્રયોગ નિષ્ફળ રહ્યો હતો. આ સંજોગોમાં બીજી વન-ડેમાં સિરાજની વાપસી થાય છે કે પછી જમ્મુ-કાશ્મીરના ફાસ્ટ બોલર આકિબ નબીને પદાર્પણની તક મળે છે તે જોવું રસપ્રદ રહેશે.

## ગુલવીર સિંહની મેડલ હેટ્રિક: પુરુષોની 5000 મીટર દોડમાં મેળવ્યો બ્રોન્ઝ

**એક** જ એશિયાડમાં લેવી પિન્ટો બાદ 3 મેડલ જીતનાર બીજો ભારતીય પુરુષ એથ્લીટ બન્યો

**40** વર્ષ પહેલાં પી ટી ઉષાએ એક આવૃત્તિમાં 3 મેડલ જીત્યા હતા



નાગોયા, તા. 29 (પીટીઆઈ): ભારતના સ્ટાર દોડવીરે ગતિ જાળવી રાખતા મંગળવારે આઈચી-નાગોયા એશિયન ગેમ્સ 2026માં પુરુષ 5000 મીટર દોડમાં 13:32.75ના સમય સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. આ સાથે જ તેણે એશિયાડમાં પોતાની મેડલની હેટ્રિક પૂરી કરી હતી. ગુલવીરે આ પહેલાં પુરુષ 1500 મીટર અને 10000 મીટર ઈવેન્ટ્સમાં સિલ્વર મેડલ જીત્યા હતા.

આ સિદ્ધિ સાથે ગુલવીર સિંહ 1951માં લેવી પિન્ટો બાદ એશિયન ગેમ્સની એક જ આવૃત્તિમાં ટ્રેક એન્ડ ફિલ્ડમાં 3 મેડલ જીતનાર બીજો ભારતીય પુરુષ એથ્લીટ બન્યો છે. 5000 મીટરમાં નેશનલ રેકોર્ડ ધરાવતા ગુલવીરે આ વર્ષે ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સમાં પણ બ્રોન્ઝ જીતીને ઈતિહાસ રચ્યો હતો. આ ઉપરાંત છેલ્લે 1986માં પી ટી ઉષાએ એશિયાડમાં 3 મેડલ જીત્યા હતા આમ 40 વર્ષ બાદ કોઈ ભારતીય એથ્લીટે એક જ એશિયાડની ટ્રેક એન્ડ ફિલ્ડમાં 3 મેડલ જીત્યા છે.

## માન્ચેસ્ટર સિટી પ્રીમિયર લીગના નાણાકીય નિયમોના ઉલ્લંઘનમાં દોષિત

લંડન, તા. 29: માન્ચેસ્ટર સિટી ક્લબને પ્રીમિયર લીગના નાણાકીય નિયમોના ગંભીર ઉલ્લંઘન બદલ એક સ્વતંત્ર કમિશન દ્વારા દોષી ઠેરવવામાં આવી છે. આ ચુકાદો 2009-10થી 2017-18 સુધીની નવ સીઝન દરમિયાન આચરવામાં આવેલી નાણાકીય ગેરરીતિઓ સંબંધિત છે. તપાસ કમિશનના અહેવાલ મુજબ, સિટીએ પોતાની કમાણી કૃત્રિમ રીતે વધારવા અને ખર્ચ ઘટાડવા માટે કેટલાક કોમર્શિયલ ભાગીદારો સાથે બનાવટી કરારો કર્યા હતા. આ ઉપરાંત, ઓડિટર્સ અને ફુટબોલ રેગ્યુલેટર્સથી નાણાકીય સ્થિતિ છુપાવીને પ્રીમિયર લીગ તથા UEFAના ખર્ચ મર્યાદાના નિયમોનું મોટું ઉલ્લંઘન કર્યું હોવાનું સામે આવ્યું છે.

આ સમયગાળા દરમિયાન માન્ચેસ્ટર સિટીએ 3 પ્રીમિયર લીગ ટાઇટલ, 1 FA કપ અને 3 લીગ કપ સહિત અનેક ટ્રોફીઓ જીતી હતી. જોકે, હાલ આ ટ્રોફીઓ પર કોઈ અસર થશે નહીં. ક્લબ સામે દંડ, પ્રતિબંધ, પોઈન્ટ્સ કપાત કે અન્ય રમતગમત સંબંધિત શિસ્તભંગના પગલાં લેવાઈ શકે છે. સિટી ક્લબે તમામ આરોપોને ફગાવીને આ નિર્ણય સામે અપીલ કરવાની જાહેરાત કરી છે.

## બોક્સિંગમાં અંકુશ અને પરવીન હૂડા ફાઈનલમાં નરેન્દરને બ્રોન્ઝ





**અંકુશ** 8 વર્ષમાં એશિયાડ ફાઇનલમાં પહોંચનાર પ્રથમ ભારતીય પુરુષ બોક્સર

**પરવીન** હૂડા ગોલ્ડ મેડલ બાઉટમાં પહોંચનારી દેશની ત્રીજી મહિલા બોક્સર

**નરેન્દર** બરવાલને બ્રોન્ઝથી સંતોષ માનવો પડ્યો

નિશીઓ (જાપાન), તા. 29 (પીટીઆઈ): આઈચી-નાગોયા એશિયન ગેમ્સ 2026માં મંગળવારે ભારતીય બોક્સર્સે શાનદાર પ્રદર્શન કરતા પુરુષ અને મહિલા વિભાગની ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. પુરુષ 80 કિગ્રા સેમિફાઈનલમાં અંકુશ પંઘાલે વર્લ્ડ ચેમ્પિયન ઉઝબેકિસ્તાનના ફઝલિદ્દીન એર્કિનબોયેવ સામે 4-1થી યાદગાર કમબેક જીત મેળવી ફાઈનલમાં જગ્યા બનાવી હતી. આ સાથે જ તે અમિત પંઘાલ (2018) પછી એશિયન ગેમ્સની ફાઈનલમાં પહોંચનારો પ્રથમ ભારતીય પુરુષ બોક્સર બન્યો છે.

બીજી તરફ, મહિલા 65 કિગ્રા સેમિફાઈનલમાં પરવીન હૂડાએ ચીનની લી શૂને 5-0થી માત આપીને ગોલ્ડ મેડલ બાઉટમાં સ્થાન મેળવ્યું હતું. મેરી કોમ (2014) અને લવલીના બોરગોહેન (2023) પછી એશિયાડ ફાઈનલમાં પહોંચનારી તે માત્ર ત્રીજી ભારતીય મહિલા બોક્સર બની છે. જોકે, પુરુષ 90+ કિગ્રા સુપર હેવીવેઈટ સેમિફાઈનલમાં નરેન્દર બરવાલનો કઝાકિસ્તાનના વર્લ્ડ ચેમ્પિયન આઈબેક ઓરાલ્બે સામે 0-5થી પરાજય થતાં તેણે બ્રોન્ઝ મેડલથી સંતોષ માનવો પડ્યો હતો.

### સુડોકુ 'ક્રૂર'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | | ૮ | ૧ | | ૬ | | | ૫ |
| | ૩ | | ૯ | ૮ | | | | ૪ |
| ૬ | | ૫ | | ૨ | | | ૯ | |
| | ૮ | ૪ | ૬ | | | | | ૭ |
| ૩ | | ૭ | ૮ | | | ૨ | ૬ | ૧ |
| ૨ | | | | ૭ | ૩ | ૮ | | ૯ |
| ૪ | ૭ | | | | ૮ | | | ૩ |
| ૮ | ૨ | ૯ | ૭ | ૩ | | ૪ | | ૬ |
| ૫ | ૧ | ૩ | ૪ | | | | | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



### દાદીમાના નુસખા
મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

**ચામડીના મસા (warts)**

નાગરવેલના પાનના ડીચાં (પર્ણદંડ) લાવી વાટી લો. તેમાં પાનમાં ખાવાનો ચૂનો ભેળવી રોજ બે વાર કાળજીથી મસા પર લગાડવું . વાંસની સળી પર મિશ્રણ લઈ મસા પર મૂકી આપવું.

## યુથ ટેસ્ટ: ભારત U-19 ટીમે ઓસ્ટ્રેલિયાને ઈનિંગ્સ અને 48 રને હરાવ્યું

રાજકોટ, તા. 29 (પીટીઆઈ): રાજકોટમાં રમાયેલી પ્રથમ યુથ ટેસ્ટમાં ભારત U-19 ટીમે ઓસ્ટ્રેલિયા U-19ને ઈનિંગ્સ અને 48 રને પરાજય આપીને વિજયી કૂચ જાળવી રાખી છે. અગાઉ વન-ડે શ્રેણીમાં પણ ભારતે 3-0થી ક્લીન સ્વીપ કર્યું હતું. પ્રથમ ઈનિંગ્સમાં લક્ષ્ય રાયચંદિકાની બેવડી સદી (240), મોહિત ઉલ્વા (92) અને યશવર્ધન ચૌહાણની (54) મદદથી ભારતે 494 રન બનાવી 277 રનની વિશાળ લીડ મેળવી હતી.

જવાબમાં ઓસ્ટ્રેલિયાની બીજી ઈનિંગ્સ 229 રનમાં સમેટાઈ ગઈ હતી. કાંગારૂ ટીમ તરફથી બ્લેક કેટલે (123) એકલા હાથે લડત આપી હતી. ભારત તરફથી યશવર્ધને 6 અને ડાબોડી સ્પિનર ઈશાન ઓમે 4 વિકેટ ઝડપી હતી. બીજી યુથ ટેસ્ટ 5 ઓક્ટોબરથી રાજકોટ ખાતે રમાશે.

## એશિયન ગેમ્સમાં ભારત અને શ્રીલંકા વચ્ચે ગુરુવારે સેમિફાઈનલ

**બીજી** સેમિફાઇનલમાં પાકિસ્તાન સામે બાંગ્લાદેશ ટકરાશે



નિશીન, તા. 29 (પીટીઆઈ): એશિયન ગેમ્સમાં ભારતીય પુરુષ ક્રિકેટ ટીમ સેમિફાઈનલમાં શ્રીલંકા સામે ટકરાશે. નિશીન ખાતે મંગળવારે શ્રીલંકા અને નેપાળ વચ્ચેની ક્વાર્ટર ફાઈનલ મેચ ખરાબ હવામાનના કારણે રદ થઈ હતી જેના પગલે શ્રીલંકાએ સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો છે.

શ્રીલંકા તેની ઉચ્ચ આંતરરાષ્ટ્રીય રેન્કિંગના આધારે અંતિમ ચારમાં સ્થાન મેળવવામાં સફળ રહ્યું છે. શ્રીલંકા રેન્કિંગમાં 9મા સ્થાને છે, જ્યારે નેપાળ 14મા ક્રમે છે.

નાગોયામાં છેલ્લા કેટલાક દિવસોથી સતત વરસાદ પડી રહ્યો છે, જેના કારણે ભારતની મેચ સહિત ચારેય ક્વાર્ટર ફાઈનલ ધોવાઈ ગઈ હતી. બીજી તરફ, સ્પર્ધાની બીજી સેમિફાઈનલ મેચ પાકિસ્તાન અને બાંગ્લાદેશ વચ્ચે રમાશે. આ બંને સેમિફાઈનલ મુકાબલા ગુરુવારે યોજાવાના છે.


શ્રેયસ અય્યરની આગેવાની હેઠળની ભારતીય પુરુષ ટીમ કોરોગી સ્પોર્ટ્સ પાર્ક ખાતે હજુ સુધી એકપણ મેચ રમી શકી નથી. નોંધનીય છે કે, આ જ મેદાન પર રમાયેલી મહિલા સ્પર્ધામાં હરમનપ્રીત કૌરની ટીમે ગોલ્ડ મેડલ જીત્યો હતો.

### શબ્દગુંફન - ૭૨૫૭
અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**
૧. ગણપતિ, ગણેશ (૪)
૪. બળ, તાકાત (૨)
૬. હાથીનું બચ્ચું (૩)
૮. અક્કલ (૨)
૯. જનાવરનાં ખેલનો તમાશો (૪)
૧૧. બનાવેલું (૩)
૧૨. શ્રી વિષ્ણુ (૨)
૧૩. પવન (૨)
૧૪. ઘોડો (૨)
૧૫. તારનાર, ઉધ્ધારક (૫)
૧૮. ટેવ, વ્યસન (૨)
૨૦. '' .... ઔર ગીતા (૨)
૨૨. એક જાતનું ઝીણું કપડું (૪)
૨૫. સરખું (૨)
૨૬. ઉમ્મર (૨)
૨૭. સરખાપણું (૩)
૨૮. જીવ, પ્રાણ (૨)
૨૯. રમી રહેલું (૪)
૩૧. મોટું (૩)
૩૩. રાજાની પત્ની (૨)
૩૪. ભાવ, મૂલ્ય (૩)

**ઊભી ચાવી**
૧. નાણું (૨)
૨. ફિટકાર (૩)
૩. બાણ (૨)
૫. સાવ સહેલી વાત (૫)
૬. કસોટી, સત્ત્વ (૨)
૭. શ્રી રામના ભાઇ (૩)
૯. નદી (૩)
૧૦. અઘટિત વચન (૩)
૧૩. ઢીલ, વિલંબ (૨)
૧૬. મોટી સંખ્યામાં નાણું (૩)
૧૭. નુકસાન (૨)
૧૮. વેલ (૨)
૧૯. શ્વાસ (૨)
૨૦. ખેતર કે ગામની હદ (૨)
૨૧. રાજા (૨)
૨૩. અંકુશ (૩)
૨૪. એક કંદમૂળ (૩)
૨૫. પજવણી (૪)
૨૬. જંગલ (૨)
૨૮. જનક રાજાની પુત્રી (૩)
૨૯. સૂર્ય (૨)
૩૦. ક્ષાર (૨)
૩૨. પ્રીતિ, સ્નેહ (૨)



## ઈન્ડિયા A સામે અનઓફિશિયલ ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયા-Aના 7 વિકેટે 282

પુડુચેરી, તા. 29 (પીટીઆઈ): હીં રમાઈ રહેલી બીજી અનઓફિશિયલ ચાર-દિવસીય ટેસ્ટ મેચના પ્રથમ દિવસે ડાબોડી સ્પિનર શમ્સ મુલાની (૩/૭૭) અને ફાસ્ટ બોલર નચિકેત ભૂતે (૩/૩૫) ની શાનદાર બોલિંગ છતાં સેમ હાર્પરની અણનમ સદી (૧૦૧*) ના બળે ઓસ્ટ્રેલિયા A ટીમે ૭ વિકેટે ૨૮૨ રન બનાવ્યા હતા. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ઓસ્ટ્રેલિયા A ટીમે ૧૦૪ રનમાં ૫ વિકેટ ગુમાવી દીધી હતી. શમ્સ મુલાનીએ ઓસ્ટ્રેલિયન ઓપનર સેમ કોન્સ્ટાસ (૨), નેથન મિલસ્વીની (૩૪) અને જેસન સંઘા (૪૬) ને આઉટ કર્યા હતા

## એશિયન ગેમ્સ રાઉન્ડ અપ: વોલીબોલ, આર્ચરી, સ્ક્વોશ અને ટેનિસમાં ભારતનો વિજય

**વોલીબોલ** અને સ્ક્વોશ ટીમ ક્વાર્ટર ફાઇનલમાં પહોંચી, આર્ચરીમાં નીરજ ચૌહાણે ઓલિમ્પિક ચેમ્પિયનને હરાવ્યો

નાગોયા, તા. 29 (પીટીઆઈ): આઈચી-નાગોયા એશિયન ગેમ્સ 2026માં ભારતે વિવિધ રમતોમાં શાનદાર દેખાવ ચાલુ રાખતા પોતાના કુલ મેડલની સંખ્યા 52 (6 ગોલ્ડ, 21 સિલ્વર, 25 બ્રોન્ઝ) પર પહોંચાડીને મેડલ ટેલીમાં 10મું સ્થાન મેળવી લીધું છે.

ભારતીય પુરુષ વોલીબોલ ટીમે બે સેટથી પાછળ રહ્યા બાદ વાપસી કરીને કતાર સામે 2 કલાક અને 47 મિનિટ ચાલેલો રોમાંચક મુકાબલો જીતીને ક્વાર્ટર ફાઈનલમાં સ્થાન બનાવ્યું હતું. આર્ચરીમાં રિકર્વ ઈવેન્ટમાં ધીરજ બોમ્માદેવરા, નીરજ ચૌહાણ અને કુમકુમ મોહડ ક્વાર્ટર ફાઈનલમાં પહોંચ્યા હતા. નીરજ ચૌહાણે ત્રણ વારના દક્ષિણ કોરિયન ઓલિમ્પિક ગોલ્ડ મેડલિસ્ટ કિમ જે દેઓકને 6-4થી હરાવીને મોટી સનસનાટી મચાવી હતી.

**સ્ક્વોશ અને ટેનિસ**

મહિલા સ્ક્વોશ ટીમે ઈરાનને 3-0થી માત આપીને ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો, જ્યાં તેનો સામનો સિંગાપોર સામે થશે. તાનવી ખન્ના, અનાહત સિંહ અને જોશના ચિનપ્પાએ પોતપોતાની સિંગલ્સ મેચ જીતી હતી. ટેનિસમાં પુરુષ સિંગલ્સમાં દક્ષિણેશ્વર સુરેશ અને સુમિત નાગલે વિજયી શરૂઆત કરીને પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં જગ્યા બનાવી હતી. સુમિત નાગલે દક્ષિણ કોરિયાના સિઓંગચાન હોંગને 6-4,6-0થી હરાવ્યો હતો.

સાઈકલિંગ ઈવેન્ટ્સમાં ભારતીય ટીમોનું પ્રદર્શન નિરાશાજનક રહ્યું હતું અને તેઓ પ્રારંભિક તબક્કામાં જ બહાર થઈ ગયા હતા.

### આજનું પંચાંગ

**તા. 30/09/2026, બુધવાર**
**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** ભાદરવો
**તિથિ:** વદ: ચોથ: 14:57- કૃતિકા શ્રાદ્ધ
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** શરદ
**રાષ્ટ્રિય દિનાંક :** આસો-08
**યોગ :** વ્રજ **કરણ:** કૌવલ
**નક્ષત્ર :** ભરણી:- 07:37 પછી કૃતિકા
**રાશિ:** મેષ (અ.લ.ઇ.) 13:15 પછી વૃષભ (બ,વ,ઉ)
**દિવસ :** ચતુર્થી શ્રાદ્ધ- પંચમી શ્રાદ્ધ
**સુરતમાં સૂર્યોદય :** 06:30 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:27
**નવકારસી :** 07:18
**પારસી વર્ષ :** 1396 અરદીબેહેસ્ત માસનો 17મો રોજ
**મુસલમાન વર્ષ :**1448 રબિઉલ આખર માસનો 18મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ
**રાત્રિનાં ચોઘડિયાં:** ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ
**રાહુ કાળ :** બપોરે: 12:00 થી 13:30 સુધી

### આપની આજ
જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** આત્મવિશ્વાસથી નવાં કામની શરૂઆત થાય. પ્રવાસ તથા મોજશોખના ધંધામાં આવક વધશે. માન વધશે.

**વૃષભ (બ,વ,ઉ,):** ગુપ્ત ભય સતાવે. ખર્ચા વધશે. અચાનક શુભ સમાચાર મળે. સામાજિક સંબંધો મજબૂત બને. આવક વધે.

**મિથુન (ક,છ,ઘ,):** નવા રોકાણમાં યોગ્ય માર્ગદર્શનથી લાભ થાય. વિદ્યાર્થીઓને તક મળે. પ્રેમમાં ધીરજ રાખવી.

**કર્ક (ડ,હ,):** ધંધામાં નવી યોજના પાર પડે. નવા સોદા થાય. નોકરીમાં પદ પ્રાપ્તિથી માન વધે. પ્રેમવિવાહમાં મદદ મળે.

**સિંહ (મ,ટ,):** વિદેશ પ્રવાસ આયાત-નિકાસ અને પ્રવાસને લગતા કામ થાય. નોકરીમાં પ્રગતિ. મોજ શોખના ધંધા આવક વધે.

**કન્યા (પ,ઠ,ણ,):** આંખની કાળજી લેવી. ગુપ્ત શત્રુઓથી સાવધાન, ધાર્મિક પ્રવાસ સાહિત્યના કામમાં પ્રગતિ થાય.

**તુલા (ર,ત,):** ભાગીદારીમાં નવી યોજના બને. ઉંમરલાયકના વિવાહ થાય. સરકારી યોજનાનો લાભ મળે. વારસાનાં કામ થાય.

**વૃશ્ચિક (ન,ય,):** સરકારી નોકરિયાતની જવાબદારીની સાથે નવી પોસ્ટ મળે. સમાજમાં યશ મળે. દાંપત્યમાં તાલમેળ વધે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** પ્રેમમાં સાથ મળે. સંતાનોના કામમાં સાથ મળે. આવક વધારવાની તક મળે. સરકારી કામમાં મદદ મળે.

**મકર (ખ,જ,):** નવા ઘર, ઓફિસની યોજનામાં મદદ મળે. સંતાનોથી શાંતિ મળે. શેર બજારના કામ થાય.

**કુંભ (ગ,સ,શ,ષ,):** માર્કેટીંગ પ્રવાસ, દલાલી, જેવા કામમાં નવી તક મળે. વારસાનો કામમાં વડીલોનો સાથ મળે.

**મીન (દ,ચ,ઝ,થ,):** આવક વધે. ઘરમાં તાલમેળ વધે. સાહસીક નિર્ણય લેવાય. વહીવટી કુશળતાનો અનુભવ થાય.

### કોઈ પણ સાલમાં 30 સપ્ટેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સંઘર્ષમય રહે. ચડતી-પડતી અને દોડધામ કાર્યબોજ વગેરેની અસર તન અને મન પર જોવા મળે. નોકરીમાં જવાબદારી અને સ્થાન ફેર થાય. ધંધામાં હરીફો સતાવે. આરોગ્ય નરમ ગરમ રહે. ઉઘરાણીની ચિંતા સતાવે. સમાજમાં સામાન્ય રહે. આર્થિક બાબતે ચડતી-પડતીનો અનુભવ વધે. કોર્ટ-કચેરી સરકારી કામમાં વિઘ્નો આવે. ટેક્નોલોજીનો લાભ- વિદ્યાર્થીઓને મળે. વિદ્યાભ્યાસમાં પ્રગતિ થાય. વિદેશના કામ ધીમો પડે. ઊંમરલાયકના વિવાહના ખર્ચા સતાવે. પ્રેમ વિવાહમાં વિઘ્નો આવે. નવા ઘર, વાહન, મકાનની યોજના શરૂઆતમાં પાર પડે. આવક વધારવાની યોજનામાં મિત્રો-વડીલોનો સાથ મળે. સંતાનોના અભ્યાસ-કેરીયરમાં પ્રગતિ થાય. વારસા, જાયદાદ, જમીન જેવાં કામ ધીમાં પડે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. ફેબ્રુઆરી-માર્ચ, નવેમ્બર- ડિસેમ્બર, ગુરુવાર- શુક્રવાર 3,12,21,30 તારીખે નવા કામ કરવો. જૂન-જુલાઈ, બુધ-રવિવાર, 02,11,20 29 તારીખે નવા કામ ટાળવાં, પીળો, જાંબલી, સોનેરી રંગ વાપરવો. લાલ-નીલા રંગનો ઉપયોગ ટાળવો. ગુરુવારના ઉપાય કરતા રહેવું.